ન્યુઝ પેપર નું નામ- સંદેશ
તારીખ - ૬/૧૨/૦૫
મંગળવાર

# જાહેર નોટીસ

(ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ કલમ ૪૨ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯, નિયમ - ૧૭ હેઠળ.)

## મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (ગવિયર - મગદલ્લા)

સુરત શહેરી વિકાસ સત્તામંડળે મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (ગવિયર-મગદલ્લા)ના મુસદ્દાની કામચલાઉ દરખાસ્તો તૈયાર કરવામાં આવેલ છે. ઉક્ત નગર રચના યોજનાના વિસ્તારના જમીન માલિકો અને હિત ધરાવતી વ્યક્તિઓની મિટીંગ તા. ૧૪/૧૨/૨૦૦૫ના રોજ બુધવારના દિવસે સવારે ૧૪.૦૦ થી ૧૬.૦૦ કલાકે રોયલ રીસોર્ટ ક્લબ, ઓ.એન.જી.સી. ચાર રસ્તા, ડુમસ રોડ, સુરત. મુકામે બોલાવવામાં આવી છે, આ કચેરીમાં જેમના સરનામા પ્રાપ્ય છે, તેવા જમીન માલિકો અને હિત ધરાવતી વ્યક્તિઓને વ્યક્તિગત રીતે નોટીસ મોકલવામાં આવી રહી છે, પરંતુ કોઈ કારણોસર અધુરા સરનામા કે સરનામા ન હોવાથી જો કોઈ જમીન માલિક કે હિત ધરાવતી વ્યક્તિને વ્યક્તિગત રીતે નોટીસ ન મળેલ હોય તેમને આથી, આ જાહેર નોટીસ દ્વારા યોજનાના મુસદ્દાની કામચલાઉ દરખાસ્તો અંગે વિગતો, જાણકારી મેળવવા તેમજ આ દરખાસ્તો સંબંધિત તેમના સૂચનો અને અભિપ્રાય આપવા માટે બેઠકમાં હાજર રહેવા જણાવવામાં આવે છે.

સદરહું યોજનામાં ગવિયર-મગદલ્લા, તા. ચોર્યાસીના નીચેના બ્લોક નંબરોનો સમાવેશ થયેલ છે.

મોજે : ગવિયર, તા. ચોર્યાસી.

સર્વે નંબર : ૨૮/પૈકી, ૨૯ થી ૪૨, ૩૩/પૈકી, ૩૮ થી ૪૨, ૪૩/પૈકી ૪૪/પૈકી, ૪૭ પૈકી, ૪૮, ૪૯/પૈકી, ૫૦ થી ૮૭, ૮૮/પૈકી, ૮૯, ૯૦/પૈકી, ૯૧/પૈકી, ૧૦૩/પૈકી, ૧૦૪/પૈકી.

મોજે : મગદલ્લા, તા. ચોર્યાસી.

સર્વે નંબર : ૧૦૩ થી ૧૦૫, ૧૦૬/પૈકી, ૧૦૭/પૈકી, ૧૦૮/પૈકી, ૧૧૨/પૈકી.

સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

નંબર માહિતી - સુરત ૫૨૩/૦૫